# પ્રાંતિજના સાદોલિયા રોડ પરથી પસાર થતી ટ્રકમાં આગ લાગતા નાસભાગ

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના સાદોલીયા રોડ ઉપરથી પ્રસાર થતી ટ્રકમાં અચાનક આગ લાગતાં નાસભાગ મચી જવા પામી હતી. ટ્રકમાં લાગેલ આગને લઈને રોડ ઉપર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતાં.



પ્રાંતિજ નજીક સાદોલિયા પાસે રેતી ભરીને જતી ટ્રક નં- જીજે ૧૮એયુ. ૯૭૬૭માં અચાનક આગ લાગતાં આજુબાજુમાંથી પસાર થતા વાહન ચાલકો સહિત લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. પ્રાંતિજ ફાયર ફાયટરને આગના સમાચાર મળતા ઘટનાસ્થળે દોડી આવીને આગને હોલવી હતી પણ જોત જોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ટ્રકનો કેબીન સહિતનો આગળનો ભાગ આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. તો આગ શોર્ટસર્કિટના કારણે લાગી હોવાનું હાલતો જાણવાં મલ્યુ હતું. ટ્રકમાં આગ લાગતા રોડ ઉપરથી પસાર થતો વાહન વ્યવહાર જામ થતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા તો આટલી મોટી ઘટના બની તથા ટ્રાફિક જામ થયો છતાં પ્રાંતિજ પોલીસ અજાણ હતી. બીજી બાજુ બનેલ ઘટના પાસે જ આરટીઓ દ્વારા ટ્રાફિક જામ થયો હતો છતાં તેવો માત્ર ઉઘરાણીમાં જ વ્યસ્ત હતાં અને ટ્રાફિક કે બનેલ ઘટનામાં કોઈ રસ દાખવ્યો ન હતો અને પત્રકારો આવતાં ગાડી લઈને રફુચક્કર થઈ ગયાં હતાં. ટ્રકમાં લાગેલ આગમાં ટ્રક ચાલક તથા કંડકટરનો આબાદ બચાવ થયો હતો.



વિધિવત વરણી : વિધાનસભાના અધ્યક્ષપદે રાજેન્દ્ર ત્રિવેદીની સર્વાનુમતે વરણી થઈ. આજે ઉમેદવારીપત્ર ભરવાના દિવસે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ઉપમુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ દરખાસ્ત મુકી હતી. જેથી હવે રાજેન્દ્ર ત્રિવેદીની વરણી સર્વાનુમતે થઈ રહી છે.

# ગાંધીનગરમાં રાજકીય ધમધમાટ...



ભાનુભાઈ વણકરના પરિવારજનોની પડખે નેતાઓ : મોડી રાત્રે ભાનુભાઈ વણકરના મૃત્યુના સમાચાર પ્રસરતા રાજ્યભરમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. વહેલી સવારે સદ્‌ગત ભાનુભાઈના પાર્થિવદેહને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લવાતા નેતાઓ ધસી આવ્યા હતા. વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી, ઠાકોર સમાજના નેતા અલ્પેશ ઠાકોર, દલિત નેતા અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને પાસના નેતા હાર્દિક પટેલ સહિત અનેક ધારાસભ્યો, કાર્યકરો ઉમટ્યા હતા. વહેલી સવારથી મોડી રાત સુધી ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું પટાંગણ ગુજરાતના રાજકીય બનાવોનું એપી સેન્ટર બન્યું હતું. સદ્‌ગતના મૃતદેહને સ્વીકારના પરિવારજનોના ઈન્કારના પગલે સરકાર ભારે મુસીબતમાં મુકાઈ હતી. સાંજે ૭ વાગે અલ્ટીમેટમ બાદ ગાંધીનગરમાં પણ તંગદીલીભર્યું વાતાવરણ સર્જાયું હતું.

# રાજ્યમાં નગરપાલિકાની ચૂંટણી માટે ૬૨ ટકા મતદાન

અમદાવાદ,તા. ૧૭

ભારે ઉત્સાહ અને ઉત્તેજનાભર્યા વાતાવરણમાં આજે રાજયની ૭૪ નગરપાલિકાઓની ચૂંટણી યોજાઈ હતી. સવારે આઠથી સાંજે પાંચ વાગ્યા સુધી ચાલેલા મતદાન દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના મતદારોએ ખાસ કરીને મહિલાઓ અને વૃધ્ધોએ મતદાન માટે ભારે ઉત્સાહ અને રસ દાખવ્યો હતો. રાજય ચૂંટણી પંચના અસરકારક વહીવટી તંત્ર અને લોખંડી સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સાંજે પાંચ વાગ્યે રાજયની ૭૪ નગરપાલિકાઓની ચૂંટણી એટલે કે, મતદાન શાંતિપૂર્ણ માહોલમાં આખરે સંપન્ન થયું હતું. મોડી સાંજ સુધી ૭૪ નગરપાલિકાઓમાં સરેરાશ ૬૨ ટકાથી વધુ મતદાન નોંધાયાનો અંદાજ છે. સાંજે ચાર વાગ્યા સુધી રાજયમાં લગભગ ૫૮ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. રાજયની અમરેલીની જાફરાબાદ નગરપાલિકા અને કુલ ૫૨ બેઠકો અગાઉ બિનહરીફ જાહેર થઈ ગઈ હોઈ આજે રાજયની ૭૪ નગરપાલિકાના ૫૨૯ વોર્ડની ૨૦૬૪ બેઠકો માટે મતદાન યોજાયું હતું અને કુલ ૬૦૩૩ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થઈ ગયુ હતું. હવે તા.૧૯મી ફેબ્રુઆરીએ નગરપાલિકાઓની ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવશે. બીજીબાજુ, કોડિનાર નગરપાલિકા પર અંતિમ તબક્કાનું મતદાન ચાલી રહ્યું હતું ત્યારે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ધીરસિંહ બારડના ભત્રીજા રણજીત બારડ, પીન્ટુ બારડ પર ટોળા દ્વારા હુમલો કરાયો હતો. આ ઘટના બાદ ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો અને સમર્થકો સામસામે આવી બાખડયા હતા. જેમાં સાત લોકોને ઈજા પહોંચી હતી. અમદાવાદ જિલ્લાની ધંધુકા, બાવળા અને સાણંદ નગરપાલિકાઓની ચૂંટણીને લઈ આજે અમદાવાદથી ખાસ ભાજપના સ્થાનિક નેતા રમેશભાઈ ગીડવાણી સહિતના સ્થાનિક આગેવાનો અને પદાધિકારીઓ ખાસ આ નગરપાલિકાઓના મતદાનમથકે પહોંચ્યા હતા અને પબ્લીકનો મિજાજ જાણવાનો પ્રયાસ કર્યો હતો. આજની નગરપાલિકાની ચૂંટણીને લઈ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો અને તેમના સમર્થકો વચ્ચે તીવ્ર રસાકસી અને સ્પર્ધાનો માહોલ જોવા મળ્યો હતો. વલસાડની ધરમપુર નગરપાલિકા ખાતે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે ચકમક ઝરી હતી અને પોલીસને દરમ્યાનગીરી કરવી પડી હતી. આ અંગે રાજય ચૂંટણી આયોગના સંયુકત કમિશનર એ.એ.રામાનુજ, મુખ્ય ચૂંટણી સચિવ મહેશભાઈ જોષી અને મદદનીશ ચૂંટણી અધિકારી વી.એમ.પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લાની ધંધુકા, બાવળા, સાણંદ સહિત રાજયની ૭૪ નગરપાલિકાઓની આજે ભારે ઉત્સાહભર્યા વાતાવરણમા ચૂંટણી યોજાઈ હતી. એકંદરે શાંતિપૂર્ણ અને સ્વચ્છ માહોલમાં ચૂંટણી સંપન્ન થઈ હતી. એકાદ-બે છુટાછવાયા બનાવોને બાદ કરતાં મતદાન દરમ્યાન કોઈ અનિચ્છનીય ઘટના કે બનાવ નોંધાયો ન હતો. રાજયની ૭૪ નગરપાલિકાઓ સાથે પ્રસંગોપાત ખાલી પડેલી જે તે બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી. જેમાં છ નગરપાલિકાઓની પેટા ચૂંટણી અને રાજકોટ મહાનગરપાલિકાના એક વોર્ડની પેટાચૂંટણીનો સમાવેશ થાય છે. રાજયની ૭૪ નગરપાલિકાઓ ૫૨૯ વોર્ડની ૨૦૬૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણી માટે હવે કુલ ૬૦૩૩ ઉમેદવારો મેદાનમાં હતા. જેમાં ભાજપના સમર્થિત ૧૯૩૪, કોંગ્રેસ સમર્થિત ૧૭૮૩, અપક્ષ ૧૭૯૩ અને અન્ય ૫૨૩ ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ વખતની નગરપાલિકાઓની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોએ મોટી સંખ્યામાં ઝંપાલવ્યું છે. રાજયના ૧૯ લાખથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

# પાટણ આત્મવિલોપન મામલે આઠ લાખની સહાયતાની જાહેરાત

## સરકારે તમામ માંગણી સ્વીકારી છે : નીતિન પટેલ : સમગ્ર મામલામાં એટ્રોસિટી એક્ટ હેઠળ તપાસ પણ થશે

ગાંધીનગર,તા. ૧૭

પાટણ કલેક્ટર કચેરીએ આત્મવિલોપનનો પ્રયાસ કરનાર દલિત વૃદ્ધ ભાનુભાઈ વણકરના મોત બાદ આને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે. ઉત્તર ગુજરાતમાં દેખાવો અને પ્રદર્શન વચ્ચે આજે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે બેઠક યોજી હતી. દલિત આગેવાનોનું પ્રતિનિધિ મંડળ, મધ્યસ્થી અને અન્યો વચ્ચે આ બેઠક મળી હતી. આ બેઠક બાદ રાજ્ય સરકારે ભાનુભાઈના પરિવારની તમામ માંગ સ્વીકારાઈ હોવાની માહિતી આપવામાં આવી હતી. મોડેથી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, પરિવારને આઠ લાખની સહાયતા આપવામાં આવશે. આ ઉપરાંત એટ્રોસિટી એક્ટ મુજબ મામલામાં તપાસ કરવામાં આવશે. તપાસ પંચની રચના કરીને તપાસ હાથ ધરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, આ ઘટના ખુબ જ દુખદ છે અને આ પ્રકારની ઘટનાથી સરકાર ચિંતાતુર છે. તમામ માંગણી તરફ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જમીનના મુદ્દે પણ સરકારે ધ્યાન આપવાની ખાતરી આપી છે. આજે ગાંધીનગર અને રાજ્યના અન્ય ભાગોમાં વિરોધ પ્રદર્શનનો દોર ચાલ્યો હતો. સ્વર્ણિમ સંકુલ-૧માં સરકાર સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. નીતિન પટેલ આમા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મધ્યસ્થી તરીકે શંભુપ્રસાદ ઉપસ્થિત રહ્યા હતા. મોડેથી મધ્યસ્થી તરીકે રહેલા શંભુ પ્રસાદે કહ્યું હતું કે, સરકાર માંગણીઓને લઈને હકારાત્મક રહી હતી. બીજી બાજુ ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શનને લઈને મંત્રીઓના આવાસે સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી હતી. નીતિન પટેલે પરિવારની નોકરીને લઈને પણ માંગ ઉપર પણ ધ્યાન આપવાની ખાતરી આપી છે. પાટણ કલેક્ટર કચેરીએ આત્મવિલોપનનો પ્રયાસ કરનાર દલિત વૃદ્ધના મોત બાદ આજે દિવસ દરમિયાન જોરદાર વિરોધ પ્રદર્શનનો દોર ચાલ્યો હતો.



## તત્ત્વ ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓએ વણાકબોરી અલ્ટ્રાટેક સિમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી

તત્ત્વ ઈન્સ્ટીટ્યુટના સિવીલ ઈજનેરી શાખામાં અભ્યાસ કરતા બી.ઈ. સેમ. ૬ના વિદ્યાર્થીઓને વિષયનું જ્ઞાન વધે તે માટે અલ્ટ્રાટેક સિમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. અલ્ટ્રાટેક પ્લાન્ટના ટેકનીકલ મેનેજર બરાડે વિદ્યાર્થીઓને સિમેન્ટ પ્લાન્ટની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ વિઝીટનું સફળતાપૂર્વક આયોજન સિવીલ ઈજનેરી શાખાના હેડ પ્રો. યુનુસ ઝાઝ, વિઝીટ ઈન્ચાર્જ પ્રો. કલ્પેશસિંહ સોલંકી તથા પ્રો. જયદીપ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તે બદલ સંસ્થાના ડાયરેક્ટર જયદત્તસિંહ પૂવાર, પ્રિ. ડૉ. એચ.આર. વરીઆ તથા ટ્રસ્ટીગણ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# થરાદના બુઢણપુર મારામારી પ્રકરણના બે આરોપીઓને બે વર્ષની સજા

થરા, તા. ૧૭

થરાદના બુઢણપુર ગામના ખેડૂત ગણેશાભાઈના ખેતરમાં ઉભા એરંડાના પાકમાં ઘેટાં બકરા ચરવા છુટા મુકી દેતાં તેમના પુત્ર ભાણાભાઈ અને વિરાભાઈ તે ઢોરો બહાર કાઢવા કહી ઢોરો ડબ્બે પુરવાની વાત કરી હતી. આથી આરોપીઓ નાગજી હેમરાજ રબારી, ચોથાભાઈ કેસરાભાઈ તથા કરશનભાઈ કેશરાભાઈ ઉશ્કેરાઈ અપશબ્દો બોલી બંન્ને ભાઈઓ પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા. જેમની સામે થરાદ પોલીસ મથકમાં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, બી.પી. એકટની કલમ-૧૩૫, તેમજ ગુજરાત વિલેજ પંચાયત એકટની કલમ-૧૮૩, ૧૮૪ મુજબ ગુનો દાખલ થયો હતો.

જે પંદર વર્ષ જુનો કેસ સરકાર તરફે વિ.એ.પી.પી. બી.કે. વાઘેલા આરોપીઓ તરફે વિ.વ. એમ.કે. ચૌહાણની ધારદાર દલીલો સાથે શુક્રવારે થરાદ કોર્ટમાં ચાલી જતાં થરાદ એડીશનલ ચીફ કોર્ટના ન્યાયધીશ એ.એસ. પાટીલ દ્વારા ઉપરોક્ત ગુનામાં નાગજીભાઈ હેમરાજભાઈ રબારી, કરશનભાઈ ચેહરાભાઈ રબારી બંને રહે. બુઢણપુર, તા. થરાદ જી. બનાસકાંઠાને દોષીત ઠરાવવામાં આવ્યા હતા. જેમાં કલમ ૩૨૩ માટે ત્રણ માસની સાદી કેદ, કલમ ૩૨૫ અને કલમ ૧૧૪ માટે બે વર્ષની સાદી કેદ તથા પાંચ હજારનો દંડ અને દંડ ન ભરે તો એક માસની સાદી કેદ તથા ગુજરાત વીલેજ પંચાયતએકટની કલમ-૧૮૩ મુજબના કામમાં ત્રણ માસની સાદી કેદ તેમજ ૨૫૦૦ નો દંડ અને દંડ ન ભરે તેના કસુરે ૧૫ દિવસની સાદી કેદ કલમ-૧૮૪માં ત્રણ માસની સાદી કેદ તેમજ ૨૫૦૦ નોદંડ અને દંડ ન ભરે તેના કસુરે ૧૫ દિવસની સાદી કેદની સજા ફરમાવામાં આવી હતી. જયારે ઈજા પામનારને બે હજારના વળતર પેટે ચુકવી આપવા હુકમ કરવામાં આવ્યો હતો. જ્યારે ચોથાભાઈ કેસરાભાઈ રબારી ચાલુ કાર્યવાહી દરમ્યાન મરણજતાં તેઓની સામેનો કેસ એબેટ કર્યો હતો.

## તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

લેશે અને એનો ઉપયોગ કરવા માટે એ ચીપને ગમે ત્યાં ભરાવી તમે શાંતિથી સાંભળી શકો. એટલે કે તમારે વાંચવાની જરૂર નથી. આવો જ મોટો ફેરફાર ચૂંટણીમાં પણ થઈ શકે. અત્યારે જે કાંઈ તકલીફ, શંકાઓ લોકોના મનમાં છે તેનું નિરાકરણ બહુ સુંદર રીતે થઈ જશે. બહુ જ અગત્યનો ફેરફાર ઓટોમોબાઈલ્સમાં થવાનો છે. અત્યારે અમેરિકામાં એક વર્ષમાં રોડ એક્સિડન્ટમાં ૨૦ — ૩૦ હજાર માણસો મૃત્યુ પામે છે. જ્યારે ભારતમાં એક લાખ કરતાં વધારે માણસો રોડ એક્સિડેન્ટમાં મૃત્યુ પામે છે. તો ફેરફારો શું થશે ? હા એક તો ઈલેક્ટ્રીકથી ચાલતી કાર આવશે અને એ કારમાં એવી ચીપ લગાવેલી હશે કે જેમાં તમે નથી જોઈ શકતા. એટલે કે ગાડી ચલાવનાર નથી જાણી શકશો કે ચાર રસ્તા ઉપર કેટલી ગાડીઓ આવે છે, કેટલી સ્પીડમાં આવે છે પણ સુપર કોમ્પ્યુટરની મદદથી કાર થી કાર એટલે કે ગાડી થી ગાડી વાતો કરશે અને એકબીજાની ભાષાનો આપ-લે કરાવી પહેલાં કોણ જશે એ જાતે નક્કી કરી લેશે. મતલબ કે સવાલ એ થાય છે કે શું ગાડીમાં ડ્રાઈવર નહીં હોય ? હા, બરાબર વિચાર્યું હશે કે હવે પછીની ગાડીમાં ડ્રાઈવર નહીં હોય. કોઈપણ ગાડી ચલાવતું નહીં હોય. ગાડીમાં તમારે પ્રોગ્રામીંગ કરી દેવાનું એટલે કે ક્યાં જવું છે એ લખી નાખવાનું, પછી ગાડી પોતાની જાતે ક્યા રસ્તે જવું, કેટલી સ્પીડમાં જવું એ નક્કી કરશે અને આરામથી મનુષ્ય મુસાફરી કરશે. કોઈપણ તકલીફ વગર કરશે અને ક્યારેય પણ કોઈ અકસ્માત નહીં થાય. કારણ કે એક ગાડી બીજી ગાડી સાથે કોમ્પ્યુટરથી જોડાયેલી હશે અને વાતો કરતી હશે. હવે સવાલ એ થાય કે પણ તમે જે સવાલ કરો એના કરતાં વધારે ફાસ્ટ વિકાસ થઈ રહ્યો છે. ડ્રાઈવર વગરની કાર, ડ્રાઈવર વગરનું પ્લેન, ડ્રાઈવર વગરની બુલેટ ગાડી અને હવે તો ડ્રાઈવર વગરની ટ્યૂબ પણ આવશે. આ ટ્યૂબ એટલે શું ? આ એક નવો વિષય છે, જેમાં ગાડીની જગ્યા પર એક ટ્યૂબનું નિર્માણ થયેલું છે. જેમાં વેક્યુમથી આખી ટ્યૂબ ચાલશે. અને એમાં એવું કહેવાય છે કે અમદાવાદથી દિલ્હી અડધા કલાકમાં પહોંચી જશે. એવી રીતે ગાડીમાં પણ અત્યારે જે ગાડીઓ અથવા તો મોટરો રોડ ઉપર ચાલે છે અથવા તો દોડે છે એ બધી જ ગાડીઓ હવામાં દોડશે. જે નીચે રસ્તા ઉપર દોડતી ગાડી જોઈને આનંદ થાય છે એના કરતાં પણ વધારે આનંદ હવામાં ચાલતી ગાડીથી થશે. આ ટેકનોલોજી લગભગ થોડાક જ વર્ષમાં જોવા મળશે.

- sgpathlab@gmail.com

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

કામ કર્યું છે. યુવાનો માટેનો કાર્યક્રમ “ મેરી પસંદ “ ચલાવ્યો, ‘‘જયભારતી’’ પણ કર્યો. તો વળી સંગીતના શોખને કારણે તેઓએ આગરા ઘરાનાના ઉસ્તાદ ગાયક નન્હે ખાનસાહેબ પાસેથી સંગીતની તાલીમ પણ લીધી છે. પિતા કવિ હોવાથી હિંદી ઉર્દૂના મોટા મોટા શાયરોની ઓળખાણ આ લેખિકાને થઈ છે જેમાં મજરૂહ સુલતાનપુરી, કૈફી આઝમી, વિશ્વેશ્વર શર્મા, કવિ નીરજ, નૌશાદ સાહબ, રવિન્દ્ર જૈન વગેરે સાથે મુલાકાતો કરવાનો અવસર આ લેખિકાને મળ્યો છે. તો કોલંબિયા યુનિવર્સિટીમાં પણ અંજનાજીએ હિંદીના અધ્યાપિકા તરીકે પોતાની સેવાઓ આપી છે. તો વળી અમેરિકામાં વસતા ભારતીયોને હિંદી શીખવવા માટે તેઓની એક સિરિઝ અમેરિકાના રેડિયો પર પ્રસારિત થઈ ચૂકી છે. જેમાં અનેક લોકો હિંદી શીખ્યા છે.

ડૉ. અંજના સંધીર ગુજરાત ઉપરાંત દેશ વિદેશમાં અનેક મોટા ગજાના કવિઓ સાથે મુશાયરા કરી ચૂક્યા છે, દેશ વિદેશની અનેક કૉલેજો, યુનિવર્સિટીઓ. સંસ્થાઓમાં વ્યાખ્યાનો આપી ચૂક્યા છે. તો વળી કેટલાય રાષ્ટ્રીય — આંતર રાષ્ટ્રીય પુરસ્કારોથી સન્માનિત થયા છે, દેશ વિદેશમાં જઈને હિંદીની સેવા કરનાર અંજનાજીએ અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં યોજાયેલા આઠમા વિશ્વ હિંદી સંમેલનમાં ન્યુયોર્કમાં ઉલ્લેખનીય કામગીરી અને પ્રતિનિધિત્વ પણ કર્યું છે.

આમ મનોવિજ્ઞાન વિષયમાં સંશોધન કરીને પીએચ.ડીની પદવી પ્રાપ્ત કરનાર આ લેખિકાએ સર્જન, અનુવાદ, સંપાદન વગેરે ક્ષેત્રે ખુબ જ નોંધપાત્ર કામ કર્યું છે.

## અજંપો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સપોર્ટીવ સિસ્ટમ પર હતા. ૯૬ ટકા શરીર દાઝી ગયુ હતુ જેને કારણે કોઈ સારવાર કારગત નિવડી નહી અને આખરે ગઈ મોડી સાંજે જ ભાનુભાઈએ સારવાર દરમ્યાન દમ તોડ્યો હતો. સમાજ માટે સહિદી વ્હોરનાર ભાનુભાઈ વણકર મૃત્યુ પામ્યા હોવાના દુઃખદ સમાચાર વાયુવેગે પ્રસરી જતા દલિત સમાજના સભ્યો ગાંધીનગર એકત્ર થવા લાગ્યા હતા. ભાનુભાઈનો મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જઈને પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યુ. ત્યાર બાદ મૃતક ભાનુભાઈના પરિવારજનોએ વિવિધ માંગણીઓને પગલે મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કરી દીધો હતો. આજે સવારથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પોલીસ કાફલો ગોઠવાઈ ગયો હતો. તો બીજી તરફ વિવિધ દલિત સંગઠનના અગ્રણીઓ ઉપરાંત સમાજના સભ્યો અને કુંટુબીઓ એકત્ર થઈ ગયા હતા.

સરકાર અને તંત્રની લાપરવાહીને ઉજાગર કરતા આ કિસ્સાને વખોડી કાઢવા ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, અલ્પેશ ઠાકોર, શૈલેષ પરમાર, વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી અને પાટીદાર નેતા હાર્દિક પટેલ સહિતના અગ્રણીઓ પણ સિવિલ હોસ્પિટલ આવી પહોંચ્યા હતા અને મૃતકના પરિવારજનોને આશ્વાસન આપીને તેમની માંગણીઓ સ્વિકારાય નહી ત્યાં સુધી આ તમામ અગ્રણીઓ તેમની સાથે હોવાનો સુર આપ્યો હતો. આ ઘટના પાછળ સરકાર અને તંત્ર જવાબદાર હોવાનું સ્પષ્ટપણે ઉપસ્થિત તમામ અગ્રણીઓનું કહેવુ છે અને સરકારને અસંવેદનશીલ ગણાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ઊંઝામાં બંધનું એલાન અપાયા બાદ આ ઘટનાને પગલે સરકાર સામે રોષે ભરાયેલા સમાજના યુવાનોના ટોળાએ પાટણ હાઈવે ચક્કાજામ કર્યો હતો અને ઊંઝામાં એસ.ટી. બસના કાચ તોડવાની ઘટના પણ સામે આવી હતી, ઊંઝાથી પાટણ સુધીના ગામોમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. મોડી સાંજે ગાંધીનગર શહેરના પથિકાશ્રમ સર્કલ પાસે પણ ચક્કાજામ કરવામાં આવ્યો હતો. તો બીજી તરફ સોમવારે બનાસકાંઠા બંધનું એલાન પણ જાહેર કરવામાં આવ્યુ છે.

## માર્ગોનું કામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ કામને અનુલક્ષી નવા ખર્ચને મંજુરી આપવામાં આવ્યા બાદ તંત્ર દ્વારા સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. શહેરના જુના સેકટરોમાં પણ માર્ગોની દશા હજુ ખરાબ છે. ત્યારે આ વિસ્તારમાં પણ ત્વરિત અસરથી માર્ગોનુ કામ હાથ ધરાય તે માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

## બજેટ પસાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે, આ બજેટમાં લોકોની સુખાકારી વિશે વાત નથી, લોકોને સ્પર્શતી અથવા સીધો ફાયદો થાય તેવી કોઈ વાત નથી. માત્ર ને માત્ર કાગળો પર ઘોડા દોડાવાયા છે. આખુ બજેટ નવેસરથી તૈયાર કરો અને પુનઃ બેઠકમાં તેને લઈ આવવું જોઈએ.

સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૧૩-૧૪માં આપણે સ્માર્ટ સિટી લાયબ્રેરી સે.૩એ ન્યુમાં સ્થાપવા માટે જમીનની માંગણી કરી હતી પરંતુ હજુ સુધી ફાળવવામાં આવી નથી. હાલ આપણી મોબાઈલ લાયબ્રેરી ચાલુ છે. આ ઉપરાંત મુક્તિધામ ખાતે પણ અદ્યતન લાયબ્રેરી છે. સે.૧૭માં પણ લાયબ્રેરી છે. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસની દરખાસ્તો સારી છે પણ સ્પષ્ટતા કરવાની કે સરકારે તમામ ફાયરના સાધનો બે મહિનામાં નવીન ખરીદવાની સૂચના આપી છે અને તેમાં બોર વિશે જરૂર વિચારણા કરાશે.

ચેરમેન જણાવ્યું હતુ કે, જમીન આપણી પાસે નથી એટલે ગ્રામ્ય વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવવાની સારી દરખાસ્ત પણ સ્વીકારી શકાતી નથી. આ માટે સરકારમાં સાથે મળી રજૂઆત કરીશુ તેવી હૈયાધારણ પણ તેમણે આપી હતી. ભાજપના ધીરૂભાઈ ડોડિયાએ મુક્તિધામની લાયબ્રેરીમાં ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ નિયમિત વાંચન માટે આવી રહ્યાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, આ વર્ષે પણ રિનોવેશન પાછળ અહિ સારો એવો ખર્ચ કરવામાં આવનાર છે.

કોંગીના પિન્કીબેન પટેલે ચર્ચામાં ભાગ લઈ ગટરો ઉભરાઈ રહી હોવા અંગે તેમણે માર્ગો તેમજ માર્ગો જે રિપેરીંગ થયા છે તેમાં માત્ર કપચી નાખી દેવા સિવાય કામગીરીમાં વેઠ ઉતારવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

મેયર પ્રવિણ પટેલે તેમની વાત સ્વીકારી હતી અને ચેરમેન મનુભાઈ પટેલે પણ આ વાત સ્વીકારી ઝડપથી માર્ગ - મકાન વિભાગ સાથે આ અંગે બેઠક કરી કામગીરી માટે મોનીટરીંગ થાય તેમજ ગુણવત્તાની જાળવણી થાય તે માટેના પ્રયાસો કરવાની ખાત્રી આપી હતી.

કોંગીના મીનાબા વાઘેલાએ પણ ગ્રામ્ય વિસ્તારમાં ડોર ટુ ડોર કલેક્શન નિયમિત રીતે નહિ થતું હોવાનું જણાવ્યું હતું. તેમણે ગ્રામ્ય વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવી ગ્રામીણ વિસ્તારમાં આંતર માળખાકીય સુવિધાઓના સુદ્રઢીકરણ માટે રજૂઆત કરી હતી.

કોંગીના ચીમનભાઈ વિંઝુડાએ બજેટને છેતરામણું લેખાવ્યુંહતું અને કહ્યું હતું કે, લેન્ડ ફિલ્ડ સાઈટ કે રૈન બસેરાની વાતો દરેક વખતે થાય છે પણ કશુ થતું નથી. તેમણે ભ્રામકતા ફેલાવનારું બજેટ ગણાવ્યું હતું.

કોંગીના રાકેશ પટેલે વિવિધ સેક્ટરોના નાના શોપીંગોની નજીક જાહેર શૌચાલયો બનાવવા માટે રજૂઆત કરી સ્વચ્છતા જાળવણીમાં વધુ એક કદમ ઉઠાવવા કહ્યું હતું. ચર્ચામાં ભાગ લેતાં કોંગીના અંકિત બારોટે સે. ૨૪માં વર્મી કમ્પોસ્ટ ખાતર પ્રોજેક્ટને લઈ થઈ રહેલ ગંદકી તંત્રોપાર્જિત હોવાનું કહી અહીના લોકોમાં રોગચાળાનો ભય ઉભો થયો હોવાનું જણાવ્યું હતું. તેમણે આ મુદ્દે આગામી દિવસોમાં આંદોલનની પણ ચીમકી ઉચ્ચારી હતી.

ચર્ચાઓને અંતે મેયરે વિકાસ દરખાસ્તો તેમજ બજેટને મતદાન માટે મુક્યુ હતું જે ૧૭ વિરુદ્ધ ૧૫ મતે પસાર કરવામાં આવ્યું હતું.